Mirae Asset
Knowledge
Academy

રોકાણકાર પ્રશિક્ષણ પહેલ



# મ્યુચ્યુઅલ ફન્ડનો પરિચય

## મ્યુચ્યુઅલ ફન્ડ શું છે?

સરળ શબ્દોમાં કહીએ તો, વિશાળ સંખ્યામાં રોકાણકારોએ એકઠા કરેલા નાણાં, જે મ્યુચ્યુઅલ ફન્ડ બનવે છે. વ્યાવસાયિક ફન્ડ મૅનેજર દ્વારા આ નાણાંનું પ્રબંધન કરવામાં આવે છે, જે આ નાણાં વિભિન્ન આર્થિક સાધનોમાં રોકવામાં પોતાના રોકાણ પ્રબંધન કરવાના કૌશલનો ઉપયોગ કરે છે.

એક રોકાણકાર તરીકે તમે યુનિટોની માલિકી ધરાવો છો, જે મૂળતઃ, તમારા દ્વારા રોકાણ કરવામાં આવેલી રકમના આધારે, તમે જે ફન્ડમાં રોકાણ કર્યું હોય તેને એક હિસ્સો દર્શાવે છે.

## ૧. એનએવી એટલે શું?

જે રીતે શેરની કિંમત હોય છે, તે રીતે જ, મ્યુચ્યુઅલ ફન્ડ એનએવી ધરાવે છે. સરળપણે સમજીએ તો, એનએવી કોઈ ફન્ડના દરેક યુનિટનો બજાર મૂલ્ય અથવા એ કિંમત દર્શાવે છે, જે દરે રોકાણકાર યુનિટો ખરીદી કે વેચી શકે છે. સામાન્યપણે એનએવીની ગણતરી દૈનિક ધોરણે કરવામાં આવે છે, જે તે વિશેષ દિવસે ફન્ડના અધિકારમાં હોય તે શેર, બોન્ડ્સ અને જામીનગીરીઓનું સંયુક્ત બજાર મૂલ્ય (માન્ય ખર્ચાઓ તથા ચાર્જીસ બાદ કરીને) દર્શાવે છે.

તમે જે કોઈ સ્કીમમાં રોકાણ કરવા ઈચ્છતા હો, તેનું એનએવી ૧૦ હોય કે ૧૦૦, તેનો કોઈ જ ફરક પડતો નથી. જો ફન્ડ ૧ વર્ષમાં ૧૦% વળતર આપતું હોય તો, એનએવી ૧૧ અથવા ૧૧૦ સુધી જઈ શકે છે, એટલે કે, બન્ને સમાન વળતરો આપે છે. આથી, ઓછા એનએવી પર ધ્યાન આપવાને બદલે, ફન્ડની કામગીરીની સુસંગતતા તપાસવી જોઈએ.

## ૨. મ્યુચ્યુઅલ ફન્ડના કયા વિવિધ પ્રકારો છે?

તમે લાંબા ગાળા માટે રોકાણ કરવા ઈચ્છો છો કે, ટૂંકા ગાળા માટે. તમારી આવશ્યકતાની પરિપૂર્તિ તદ્દન યોગ્ય પણે કરી શકે તેવું ફન્ડ પસંદ કરવા માટે; ઉપલબ્ધ હોય તે વા વિભિન્ન પ્રકારનાં ફન્ડ વિષે તમને જાણકારી હોય તે જરૂરી છે.

### i. ઋણ ફન્ડ્સ (ડેટ ફન્ડ્સ)

ઋણ (ડેટ) ફન્ડ્સ ઋણ–ગ્રહણ પર કામ કરે છે. તો, જ્યારે કોઈ ઋણ લે ત્યારે સામાન્યપણે કઈ શરતો લાગુ કરવામાં આવે છે?

- મુદ્દલ રકમ પાછી વાળવામાં આવશે તેવી વાજબી ખાતરી.
- વ્યાજના દર પર આધારિત ઉત્પન્ન થનાર વ્યાજ (જે કૂપન દર તરીકે પણ ઓળખાય છે).
- એ સમયાવધિ જ્યારે મુદ્દલ રકમ પાછી વાળવાની હોય.

ઈક્વિટી ફન્ડ્સની સરખામણીમાં જોખમ ઓછું હોવાથી તથા તેમનું લક્ષ્ય તમારી મૂડીના રક્ષણ સાથે સ્થિર વળતરો આપવાનું હોવાથી ઋણ (ડેટ) ફન્ડ્સ તમારા રોકાણ પોર્ટફોલિયોને સ્થિરતા આપે છે.

### ii. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડ્સ

જ્યારે તમે ઈક્વિટીમાં રોકાણ કરો ત્યારે, તમારા રોકાણની સીમા પર્યંત, તમે કંપનીના માલિક હોવાનું ગણી શકાય. આથી સ્વાભાવિકપણે, કોઈપણ માલિકની માફક, કંપનીની કામગીરી સાથે તમારો નફો સંકળાયેલો હોય છે. કંપનીનો નફો જેટલો વધુ, તેટલી જ તેના શેરની કિંમત પણ ઘણી સારી હોઈ શકે છે, અને તેથી તમારો આર્થિક ફાયદો પણ વધુ સારો હોઈ શકે છે.

ઊંચું જોખમ ધરાવતા ઈક્વિટી ફન્ડ્સ ઉચ્ચ વળતર આપવાની ક્ષમતા ધરાવતા હોય છે. અને આ જોખનો પ્રતિકાર કરવા માટે, મ્યુચ્યુઅલ ફન્ડ્સ અનેક કંપનીઓમાં રેકાણ કરે છે, જે સામાન્યપણે એક જ અથવા સંકળાયેલાં ક્ષેત્રોમાં કાર્યરત હોતી નથી. આ પ્રક્રિયાને વૈવિધ્યીકરણ (ડાયવર્સિફાઇંગ) તરીકે ઓળખવામાં આવે છે, જે જોખમ ઓછું કરે છે.

### iii. લિક્વિડ મ્યુચ્યુઅલ ફન્ડ્સ

નાણાંકીય શબ્દાવલિમાં 'લિક્વિડ' (પ્રવાહી) શબ્દનો અર્થ એ છે કે, ''મને કેટલી ઝડપથી મારા રોકેલા નાણાં પરત મળી શકે?''સૌથી વધુ પ્રવાહી અસ્ક્યામત રોકડ રકમ જેવી હોય છે. લિક્વિડ મ્યુચ્યુઅલ ફન્ડ અલ્પતમ જોખમ ધરાવતાં હોય છે અને તમને બચત ખાતાંઓ કરતાં થોડું વધુ ઊંચું વળતર આપી શકે છે. આ ફન્ડ્સ ઝડપથી પરિપક્વ થતી ઋણ જામીનગીરીઓમાં રોકાણ કરે છે, જે તેમને ઓછાં જોખમી બનાવે છે.

### iv. હાયબ્રિડ ફન્ડ્સ

જે રીતે નામ સૂચવે છે તેમ, હાયબ્રિડ ફન્ડ્સ એ છે, જે તેમના પોર્ટફોલિયોમાં ઋણ અને ઈક્વિટી જેવા અસ્ક્યામત વર્ગોનું સંયોજન ધરાવતાં હોય છે. આ કારણે તેઓ ઋણ, નાણાંબજારનાં સાધનો તથા ઈક્વિટીમાં રોકાણ કરતા હોય છે.

## ૩. મ્યુચ્યુઅલ ફન્ડ્સના લાભ શા છે?

### i. મ્યુચ્યુઅલ ફન્ડ્સ લવચીક હોય

મોટા ભાગના લોકો કમાઓ અને ખર્ચ કરોની અનેક પ્રારૂપ ધરાવતા હોય છે, એટલા માટે રોકાણ પણ લવચીક હોવું જોઈએ, જે તમને તમારી પરિસ્થિતિ અનુાર રોકાણ કરવાની સગવડ આપે. મ્યુચ્યુઅલ ફન્ડ્સની વિભિન્ન લાક્ષણિકતાઓ હોય છે, જે તેમને લવચીક બનાવે છે, દા.ત. રોકાણની ન્યૂનતમ રકમ, વિભિન્ન પ્રકારની સ્કીમ્સ, રોકાણનું પુનરાવર્તન અને નાણાં પાછા કઢાવવાનો વિકલ્પ.

### ii. મ્યુચ્યુઅલ ફન્ડ્સ પ્રવાહી હોય

ઑપન એન્ડેડ ફન્ડ્સમાં, જ્યાં તમે કોઈપણ કામકાજના કોઈપણ દિવસે ખરીદી કે વેચાણ કરી શકો છો, તમારા નાણાં સામાન્યપણે ૩ કામકાજી દિવસોની અંદર મેળવી શકો છો.

### iii. મ્યુચ્યુઅલ ફન્ડ્સ પારદર્શક અને તુલનાત્મક રીતે સુરક્ષિત હોય

જ્યારે તમારી બચતનાં નાણાં તમે કોઈને આપો ત્યારે સ્વાભાવિકપણે એક અનિશ્ચિતતા અથવા સાવચેતીની ભાવના થતી હોય છે. મ્યુચ્યુઅલ ફંડની બાબતમાં તમારાં નાણાં એક વ્યાવસાયિકને સોંપવામાં આવે છે, જેનું કામ બજારની ગતિવિધિઓ પર ધ્યાન રાખવાનું અને તમારે માટે શ્રેષ્ઠ અવસરો શોધવાનું હોય છે. વધુમાં, મ્યુચ્યુઅલ ફન્ડ્સ એક માસિક ફૅક્ટ શીટ (વાસ્તવિક ચિત્ર) પ્રકાશિત કરતાં હોય છે, જેમાં તમે જે સ્કીમમાં રોકાણ કર્યું હોય, તે સ્કીમ વિષે તમારે જાણવાયોગ્ય સઘળી અગત્યની વાસ્તવિક માહિતી આપેલી હોય છે. વધુમાં, એનએવી એએમએફઆઈમાં પ્રકાશિત થાય છે અને દૈનિક ધોરણે ફન્ડની કંપનીની વેબસાઇટ પર પ્રકાશિત થાય છે, જેથી તમારા રોકાણ અંગે તમે હમેશાં માહિતગાર રહી શકો.

### iv. મ્યુચ્યુઅલ ફન્ડ્સ તમને ડાયવર્સિફાય કરવામાં મદદ કરશે

જૂની કહેવતની માફક, ''તમારાં બધાં ઈંડાં એક જ ટોપલામાં ન મૂકવાં.'' તમારાં રોકાણોનું વૈવિધ્યીકરણ કરવાથી તમારું જોખમ ઓછું કરવામાં તમને મદદ મળશે. જે રીતે તમે અગાઉ વાંચ્યું તેમ, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડ્સ વિભિન્ન કંપનીઓના શેરમાં રોકાણ કરે છે. જ્યારે ઋણ ફંડ સરકારી જામીનગીરીઓ, એનસીડી, સીડી, સીપી બોન્ડ્સ અને અન્ય નિશ્ચિત આવકની જામીનગીરીઓમાં રોકાણ કરે છે. આમ, એક રોકાણકાર તરીકે તમે એ ડાયવર્સિફાઇડ બાસ્કેટ ધરાવી શકશો.

### v. મ્યુચ્યુઅલ ફન્ડ્સ લેવડદેવડ ખર્ચ ઘટાડશે


કોઈપણ વસ્તુ જથ્થાબંધ ખરીદો તેમાં ભાવતાલ કરવાની શક્તિ રહેલી છે. છૂટક દરો કરતાં જથ્થાબંધ ખરીદીનો દર હમેશાં ઓછો જ રહેશે. હવે આ સિદ્ધાંતને મ્યુચ્યુઅલ ફન્ડ્સને માટે લાગુ કરો તો તમને શું મળશે? ઘણા લોકો પોતાની બચત એકઠી કરી રહ્યાં હોય ત્યારે તમને ભાવતાલ કરવાનો (બાર્ગેઇન)નો લાભ મળશે, જેથી એકંદર લેવડદેવડ ખર્ચ ઘટાડશે.

### vi. વ્યાવસાયિક પ્રબંધન

શું આપણે આપણા વાળ ઘરમાં જ કાપીએ છીએ? આનો ઉત્તર, સ્પષ્ટરપણે ''ના'' જ હોય. આપણે વાળંદ પાસે જઈએ છીએ, જે એના કામમાં નિષ્ણાત હોય છે. એ જ રીતે, મ્યુચ્યુઅલ ફન્ડ્સમાં તમારા પૈસાનું પ્રબંધન વ્યાવસાયિક ફન્ડ મૅનેજર દ્વારા કરવામાં આવશે, જેને ગહન સંશોધન તથા બજારના પ્રવાહોની સમજણના આધારે ફન્ડ્સનું પ્રબંધન કરવાનો અનુભવ હશે.

## ૪. મ્યુચ્યુઅલ ફન્ડ્સમાં રોકાણ કઈ રીતે કરવું?

આ પ્રશ્નનો ઉત્તર તમારા લક્ષ્યો પર આધારિત રહેશે. સૌથી પહેલાં, તમારે તમારાં લક્ષ્યો પરિભાષિત કરવાનાં રહેશે, જેના પછી તમારાં લક્ષ્યો અને તમે લેવા માગતા હો તે જોખમોના આધારે, મ્યુચ્યુઅલ ફન્ડને જાણો અને પછી તેને મૂલ્યાંકિત કરો.





**મ્યુચ્યુઅલ ફન્ડ રોકાણો બજારનાં જોખમોની શરતે હોય છે. સ્કીમ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચજો.**



અમને ઈ-મેલ કરો customercare@miraeasset.com | અમને કૉલ કરો ૧૮૦૦-૨૦૯૦-૭૭૭ (ટોલ ફ્રી) સોમ-શુક્રવાર સવારે ૯.૩૦ થી ૫.૩૦ | ઈન્ટરનેટ www.miraeassetmf.co.in

**મિરઈ ઍસેટ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ્સ (ઈન્ડિયા) પ્રાઈવૅટ લિમિટેડ**

CIN - U65593MH2006FTC165663

યુનિટ નં. ૬૦૬, ૬ઠ્ઠે માળે, વિન્ડસર બિલ્ડિંગ, ઑફ સી. એસ. ટી. રોડ, કાલિના, સાન્તાક્રુઝ - (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૯૮.